શો બાજ

# અર્ચના પૂરણ સિંહને જજ બનવાનો અફસોસ છે?



**હિન્દી સિનેમાની 'મિસ બ્રિગેન્ઝા' હોય કે ટીવી જગતની 'લાફ્ટર ક્વીન', અર્ચના પૂરણ સિંહનું નામ પડતા જ કાનમાં એક જોરદાર હાસ્ય ગુંજી ઉઠે છે. વર્ષોથી કપિલ શર્માના શોમાં જજની ખુરશી શોભાવતા અર્ચનાજી આજે માત્ર એક સેલિબ્રિટી નથી, પણ ઘર-ઘરનું નામ બની ગયા છે. પરંતુ, શું આ હાસ્ય પાછળ કોઈ દર્દ છુપાયેલું છે? શું તેમની એક્ટિંગ પ્રતિભા આ ખુરશીમાં કેદ થઈ ગઈ છે? હાલમાં જ 'ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શો' ની સફળતા વચ્ચે અમે તેમની સાથે એક દિલ ખોલીને વાતચીત કરી.**

**ટોસ્ટર ફિલ્મમાં 'માલિની આંટી' તમારા અસલી જીવનથી કેટલું અલગ છે?**

માલિની આંટી એક એવી સ્ત્રી છે જે બધું જ જાણે છે પણ કંઈ બોલતી નથી, અને જ્યારે બોલે છે ત્યારે તે ગંભીર હોય છે. મારા અસલી જીવનમાં હું બહુ નિખાલસ અને હસમુખી છું. આ પાત્ર ભજવવા માટે મારે મારા હાસ્ય પર કાબૂ રાખવો પડ્યો હતો. રાજકુમાર રાવે મને ચોખ્ખું કહ્યું હતું કે, અર્ચનાજી, આ ફિલ્મમાં મારે તમારી એ જબરદસ્ત 'લાફ્ટર' નથી જોઈતી, મારે તમારી એક્ટિંગ જોઈએ છે. એટલે માલિની મારાથી બિલકુલ વિરુદ્ધ છે.

**દુનિયામાં સૌથી સહેલું કામ તમારી પાસે છે - 'ફક્ત બેસીને હસવાનું અને કરોડો કમાવાના'. આ સાંભળીને તમને કેવું લાગે છે?**

(મોટેથી હસતા હસતા) જુઓ, મને લાગે છે કે આ દુનિયાનું સૌથી અઘરું કામ છે! લોકો વિચારે છે કે હું માત્ર હસું છું, પણ કોઈને ખબર નથી કે સતત ૮-૧૦ કલાક સુધી એ જ એનર્જી જાળવી રાખવી કેટલી મુશ્કેલ છે. ઘણીવાર એવું બને કે ઘરે કોઈ મુસીબત હોય અથવા મારું સ્વાસ્થ્ય સારું ન હોય, છતાં જ્યારે કેમેરો ચાલુ થાય ત્યારે મારે હસવું જ પડે છે. લોકો 'જોક્સ' પર હસે છે, પણ મારે તો કપિલના એ કટાક્ષો પર પણ હસવું પડે છે જે મારા પર જ હોય છે! હા, પણ હું નસીબદાર છું કે મને હસવાના પૈસા મળે છે, બાકી દુનિયામાં લોકો રડાવવા માટે પૈસા લેતા હોય છે.

**કપિલના શોમાં તમારી લાંબી ઇનિંગે તમારી ફિલ્મી કરિયરને નુકસાન પહોંચાડ્યું છે?**

કપિલના શોએ મને જે પ્રેમ અને લોકપ્રિયતા આપી છે તે અદ્ભુત છે, પણ હા, એક કલાકાર તરીકે મારામાં હજુ ઘણું બાકી છે. ઈન્ડસ્ટ્રીમાં એક 'ઈમેજ' બની ગઇ છે. નિર્માતાઓને લાગે છે કે અર્ચના તો હવે માત્ર જજ જ છે. તેમને એ યાદ નથી આવતું કે મેં 'લડાઈ' જેવી ફિલ્મોમાં ગંભીર પાત્રો ભજવ્યા છે અથવા 'કુછ કુછ હોતા હૈ' માં કોમેડી સાથે એક્ટિંગ કરી છે. મને ગંભીર રોલ્સ, નેગેટિવ રોલ્સ કરવા છે, પણ લોકો મને માત્ર હસતી જોવા ટેવાયેલા છે. મને લાગે છે કે આ ખુરશીએ મારી અંદરની એક્ટ્રેસને ક્યાંક ને ક્યાંક ટાઈપકાસ્ટ કરી દીધી છે.

**શું તમને જજની ખુરશી પર બેસવાનો અફસોસ છે?**

'જો હું ન હોત, તો બીજું કોઈ હોત. પણ હું છું એટલે શોમાં રોનક છે!' પૈસા તો પૂરા મળે છે!' લોકો ભલે ગમે તે કહે, પણ માત્ર હસવાના અને ખુરશી પર બેસવાના મને લાખો રૂપિયા મળે છે અને સિદ્ધુજી ગયા અને હું આવી, પણ મને કોઈ અફસોસ નથી.

**તમારા લગ્નજીવનના આટલા વર્ષોના સિક્રેટ વિશે કંઈક જણાવશો?**

અમારું સિક્રેટ એ છે કે અમે એકબીજાને સ્પેસ આપીએ છીએ. અમે પ્રેમમાં પડ્યા તે પહેલા મિત્રો હતા. આજે પણ અમે મિત્રો જ છીએ. પરમીત મારો સૌથી મોટો ટીકાકાર પણ છે અને સૌથી મોટો સપોર્ટર પણ. અમે સાથે રસોઈ બનાવીએ, ઝઘડો પણ કરીએ અને ફરી પાછા હસી પણ લઈએ. લગ્નજીવનમાં 'હાસ્ય' હોવું બહુ જરૂરી છે. જો તમે તમારા પાર્ટનર સાથે દિલ ખોલીને હસી શકતા હો, તો અડધી મુસીબતો ત્યાં જ ખતમ થઈ જાય છે!

**ટીવી અને ઓટીટી વચ્ચે શું તફાવત અનુભવો છો?**

મોટો તફાવત છે! ઓટીટી પર આવ્યા પછી મારી ઓળખ ગ્લોબલ થઈ ગઈ છે. હવે માત્ર ભારતના લોકો જ નહીં, પણ ૧૯૦ દેશોના લોકો મને જુએ છે. કન્ટેન્ટમાં પણ થોડી આધુનિકતા આવી છે. પરંતુ જે પાયો છે - 'દેશી કોમેડી' - તે હજુ પણ એ જ છે. નેટફ્લિક્સ પર કામ કરવાનો અનુભવ બહુ પ્રીમિયમ છે, પણ દર્શકોનો પ્રેમ તો એ જ જૂનો અને પવિત્ર છે.

**તમને આજના સમયની કોમેડી કેવી લાગે છે?**

કૃષ્ણા અભિષેક, કીકુ શારદા, સુનીલ ગ્રોવર - આ લોકો માત્ર કલાકારો નથી, જાદુગરો છે. જે રીતે તેઓ મિનિટોમાં પાત્રો બદલે છે તે જોઈને હું આશ્ચર્યચકિત થઈ જાઉં છું. હા, ક્યારેક કોમેડી થોડી ફાસ્ટ અને લાઉડ થઈ જાય છે, પણ સમય સાથે બદલાવું જરૂરી છે. મને ગૌરવ છે કે હું આ પ્રતિભાશાળી ટીમનો ભાગ છું.

**ફિલ્મ કે વેબ સીરીઝમાં દર્શકોને અર્ચના એક્ટિંગ કરતી જોવા મળશે?**

ચોક્કસ! અત્યારે કેટલીક વેબ સીરીઝની વાતચીત ચાલી રહી છે જ્યાં હું હસાવવાને બદલે રડાવતી અથવા ડરાવતી જોવા મળી શકું છું. હું ઈચ્છું છું કે લોકો મને ફરી એકવાર એક્ટ્રેસ તરીકે સ્વીકારે.

**તમારા ચાહકો માટે કોઈ ખાસ સંદેશ?**

ચાહકોને એટલું જ કહીશ કે - જિંદગીમાં ભલે ગમે તેટલી મુશ્કેલી હોય, હસવાનું ક્યારેય ન છોડતા. હાસ્ય એ કુદરતની આપેલી સૌથી મોટી દવા છે. ●



# 2026ની એક મસ્ટ-વોચ સીરીઝ

ફ્રી વોચ

ઓટીટી પ્લેટફોર્મ પર ક્રાઈમ થ્રિલરની હંમેશાથી લોકપ્રિય રહ્યું છે. 'પાતાલ લોક' અને 'મિર્ઝાપુર' જેવી સીરીઝ બાદ પ્રેક્ષકો હવે કંઈક નવું અને ધારદાર ઈચ્છતા હોય છે. 'કપ્તાન' આ અપેક્ષાઓ પર ખરી ઉતરવાનો પ્રયાસ કરે છે. 8 એપિસોડની આ સીરીઝ ઉત્તર પ્રદેશના કાલ્પનિક શહેર 'જ્વાલાબાદ'ની પર આધારિત છે, જ્યાં લોહી અને લાલચની રમત રમાય છે.

સીરીઝની શરૂઆત એક હાઈ-વોલ્ટેજ ડ્રામાથી થાય છે. એસએસપી સમરદીપ સિંહ (સાકિબ સલીમ) એક એવો એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ છે જે ગુનેગારોને પકડવા માટે નિયમો તોડતા પણ ખચકાતો નથી. સ્ટોરીમાં વળાંક ત્યારે આવે છે જ્યારે સમરદીપ પોતાની બદલી જ્વાલાબાદમાં કરાવે છે. જ્વાલાબાદ એટલે કે ગુનાખોરીનું કેન્દ્ર, જ્યાં દારૂ માફિયા અને લેન્ડ ગ્રેબિંગના કિંગ ગણાતા મુન્ના (અંજુમ શર્મા) અને શાહીન (આરિફ ઝકરિયા) વચ્ચે સત્તાનો જંગ ચાલી રહ્યો છે. સમરદીપ અહીં માત્ર કાયદો સ્થાપિત કરવા નથી આવ્યો, પરંતુ તેની પાછળ તેનો 12 વર્ષ જૂનો એક ભૂતકાળ છે. તેના ભાઈના ગુમ થવાનો અને પોતાના એક બાતમીદારના પરિવાર સાથે જોડાયેલી કડીઓ તેને અહીં ખેંચી લાવે છે. આ દરમિયાન તેની મુલાકાત કબીર (સિદ્ધાર્થ નિગમ) સાથે થાય છે, જે શાહીનનો જમણો હાથ છે. શું સમરદીપ જ્વાલાબાદને ગુનામુક્ત કરી શકશે? અને તેના અંગત જીવનના રહસ્યોનો શું અંત આવશે? તે સીરીઝનો મુખ્ય પ્લોટ છે.

સાકિબ સલીમ સમરદીપના રોલમાં જાન ફૂંકી દીધી છે. એક બાજુ કડક પોલીસ અને બીજી બાજુ અંદરથી તૂટેલો ભાઈ - આ બંને ઈમોશન્સ તેણે ખૂબ સરસ રીતે રજૂ કર્યા છે.

સિદ્ધાર્થ નિગમઃ ચોકલેટી બોયની ઈમેજ તોડીને સિદ્ધાર્થે 'કબીર' તરીકે જોરદાર એક્શન અને ગંભીર અભિનય કર્યો છે. તેની ભૂમિકા સ્ટોરીમાં ગેમ-ચેન્જર સાબિત થાય છે. અંજુમ શર્મા અને આરિફ ઝકરિયાઃ વિલન તરીકે બંનેએ સત્તાની ભૂખ અને ક્રૂરતાને પડદા પર આબેહૂબ ઉતારી છે. પૂજા ગોર (સોનિયા) એક પત્રકાર અને સમરદીપની પત્ની તરીકે વાર્તામાં નૈતિકતાનું પાસું રજૂ કરે છે. જતિન વાગલેનું દિગ્દર્શન ઝડપી છે, જે ક્યાંય પણ તમને કંટાળો આવવા દેતું નથી. સિનેમેટોગ્રાફીમાં ઉત્તર પ્રદેશના ગલી-કૂંચીઓ અને ડાર્ક ટોનને સરસ રીતે કેપ્ચર કરવામાં આવ્યા છે. બેકગ્રાઉન્ડ મ્યુઝિક સીરીઝના ટેન્શનને વધારવામાં મદદરૂપ થાય છે. જોકે, કેટલાક સીન્સમાં હિંસા થોડી વધારે લાગે છે, જે કદાચ ફેમિલી ઓડિયન્સને ખટકી શકે. ટોટલ 8 એપિસોડની આ સિરિઝમાં દરેક એપિસોડના અંતે એક નવું રહસ્ય ખૂલે છે જે પ્રેક્ષકોને જકડી રાખે છે.

આ સિરઝની માઈનસ પોઈન્ટની વાત કરીએ તો તમે ઘણી ક્રાઈમ સીરીઝ જોઈ હોય, તો કેટલીક ઘટનાઓનો અંદાજ તમે વહેલો લગાવી શકો છો. આ સીરીઝ માત્ર પુખ્ત વયના લોકો (16+) માટે જ છે.

'કપ્તાન'એ માત્ર એક પોલીસ-ચોરની રમત નથી, પરંતુ તે વેર, પ્રેમ અને ન્યાયની એક જટિલ સ્ટોરી છે. જો તમને એક્શન પેક્ડ ક્રાઈમ ડ્રામા ગમતા હોય, તો આ 2026ની એક મસ્ટ-વોચ સીરીઝ છે. ●

# શું સચિવ જી ફૂલેરાના જમાઈ બનશો?

અપકમિંગ

OTT પ્લેટફોર્મ પર હાલ લોકો સિનેમા થિયેટર કરતા વધુ મનોરંજન મેળવે છે અને તે પણ ઘર બેઠા. 'પંચાયત' સિઝન 5 વેબ સિરીઝ માટે લોકો રાહ જોઈને બેઠા છે, હાલ તો કોઈ રિલિઝ ડેટની ન્યૂઝ આવી નથી પરંતુ એક અંદાજ પ્રમાણે અને લાસ્ટ એટલે કે પંચાયત-4 જૂન 2025માં આવી હતી. તેથી અનુમાન છે કે જૂન મહિનામાં 'પંચાયત' સિઝન 5 આવે.

જો કોઈ સીરીઝે સાદગી અને ગ્રામીણ જીવનને ફરીથી જીવંત કર્યું હોય, તો તે 'પંચાયત' છે. જ્યારે OTT પ્લેટફોર્મ્સ ગાળો, હિંસા અને ડાર્ક થ્રિલરથી ભરાયેલા હતા, ત્યારે The Viral Fever એ ફૂલેરાના માટીની સુગંધ ધરાવતી આ સ્ટોરી રજૂ કરી એમેઝોન પ્રાઈમ વિડિયો પર રિલીઝ થયેલી આ સીરીઝે સાબિત કરી દીધું કે મોટા સ્ટાર્સ કે હિંસક એક્શન વગર પણ માત્ર દમદાર સ્ક્રિપ્ટ અને જીવંત પાત્રો દ્વારા લોકોના દિલ જીતી શકાય છે.

હવે જ્યારે સિઝન 5 અંગે ચાહકોમાં તે ઉત્તેજના છે જે કોઈ મોટા તહેવાર પહેલા હોય છે. અભિષેક ત્રિપાઠી (સચિવ જી), પ્રધાન મંત્રી, મંજૂ દેવી અને પ્રહલાદ ચાચા જેવા પાત્રો હવે દરેક ઘરનો હિસ્સો બની ગયા છે. સીઝન 4ના અંત પછી, હવે દર્શકોમાં 'પંચાયત સીઝન 5' ને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

અત્યાર સુધી આપણે જોયું કે પંચાયત ઓફિસની અંદરની નાની તકરારો કેવી રીતે ઉકેલાય છે. પરંતુ સીઝન 5માં પ્લોટ મોટો થવા જઈ રહ્યો છે. વિધાયક (પંકજ ઝા) અને પ્રધાન જી (રઘુવીર યાદવ) વચ્ચેનું શક્તિ પ્રદર્શન હવે વ્યક્તિગત વેરથી આગળ વધીને રાજકીય અસ્તિત્વની લડાઈ બને છે. સિઝન 5 માં 'ચૂંટણી મિકેનિઝમ' મુખ્ય કેન્દ્રબિંદુ બની શકે છે, જ્યાં ગામડાના ભોળા લોકો કેવી રીતે મોટી સત્તાના પ્યાદા બને છે તે દર્શાવવામાં આવશે. સચિવજી (જીતેન્દ્ર કુમાર)ના જીવનમાં MBAનું સપનું હજી પણ જીવંત છે, પરંતુ ફૂલેરા સાથેનો તેમના રિલેશન હવે પ્રોફેશનલ કરતા વધુ ઈમોશનલ છે. રિંકી સા થે ની તેમની મુલાકાતો અને આંખોની ભાષા હવે શબ્દોમાં પરિવર્તિત થશે. શું સચિવ જી ફૂલેરાના જમાઈ બનશે? આ સવાલનો જવાબ સીઝન 5 જોયા પછી જ કહી શકાય! આ સંબંધમાં સામાજિક મર્યાદાઓ અને પ્રધાન જીની પ્રતિષ્ઠા પણ મહત્ત્વનો ભાગ ભજવશે.

ગઈ સિઝનમાં પ્રહલાદ ચાના પુત્રની શહીદીએ સમગ્ર દેશને રડાવ્યો હતો. સીઝન 5 માં તેમના પાત્રમાં એક ગંભીર પરિવર્તન જોવા મળી શકે છે. તે કદાચ ગામના યુવાનો માટે એક માર્ગદર્શક તરીકે ઉભરી આવશે. ફૈઝલ મલિકની એક્ટિંગ આ સિરીઝની આત્મા છે, જે આ છે કે ફૂલેરાના દર્શકોને સિનેમેટિક શોટ્સ નહીં, પણ રિયાલિસ્ટિક શોટ્સ જોઈએ છે. અનુરાગ સૈકિયાનું મ્યૂઝિક ગ્રામીણ વાતાવરણને આબેહૂબ પ્રતિત કરે છે. આ વખતે સ્ક્રિપ્ટમાં 'થ્રિલર' તત્વોનો ઉમેરો કરવામાં આવી શકે છે, જે ગામમાં થતી ચોરી અથવા રાજકીય ષડયંત્રોની



**અત્યાર સુધી આપણે જોયું કે પંચાયત ઓફિસની અંદરની નાની તકરારો કેવી રીતે ઉકેલાય છે. પરંતુ સીઝન 5માં પ્લોટ મોટો થવા જઈ રહ્યો છે. વિધાયક (પંકજ ઝા) અને પ્રધાન જી (રઘુવીર યાદવ) વચ્ચેનું શક્તિ પ્રદર્શન હવે વ્યક્તિગત વેરથી આગળ વધીને રાજકીય અસ્તિત્વની લડાઈ બને છે.**

વખતે વધુ ઊંડો અને ફિલોસોફિકલ હોઈ શકે છે. પંચાયતની સફળતાનું રહસ્ય દેખ રહા હૈ વિનોદ જેવી લાઈનો આજે પણ મીમ્સની દુનિયામાં રાજ કરે છે. સીઝન 5 માં પણ લેખક ચંદન કુમાર એવા કટાક્ષ અને રમૂજ લાવશે જે સમાજની વરવી વાસ્તવિકતા પર હળવો પ્રહાર કરશે.

ઓફિસના ડબ્બા જેવા કમ્પ્યુટરથી લઈને ગામના પાણીની ટાંકી સુધીના પ્રશ્નો, ઝાકઝમાળ વગરના લોકેશન છતાં સિનમાં રહેલી જીવંતતા, 'બનરાકસ' (ભૂષણ) અને તેની પત્ની ક્રાંતિ દેવીનું પાત્ર દર્શાવે છે કે માનવ ઈર્ષ્યા કેવી રીતે હાસ્ય જન્માવી શકે.

ડાયરેક્ટર દીપક કુમાર મિશ્રા જાણે આસપાસ હોઈ શકે છે. 'પંચાયત સિઝન 5' એ બદલાતા ભારતનું અરિસો છે. તે દર્શાવે છે કે ભારત આજે પણ તેના ગામડાઓમાં ધબકે છે. સચિવ જીની મથામણ, પ્રધાન જીની મોટાઈ, મંજૂ દેવીની વ્યવહારુ બુદ્ધિ અને વિકાસની નિર્દોષતા - આ બધા જ પાત્રો આપણા પરિવારના સભ્યો જેવા લાગે છે.

આ સીઝન ચોક્કસપણે સાબિત કરશે કે જો સ્ટોરીમાં દમ હોય, તો મોટા સ્ટાર્સ કે મોટું બજેટ નહીં, પણ માત્ર એક 'લૌકી' (દૂધી) પણ હિટ થઈ શકે છે. આ સિઝનમાં કેટલાક સવાલો છે. જેમ કે શું સચિવ જી ફૂલેરાના કાયમી 'સચિવ' બની રહેશે? શું મંજૂ દેવી સાચા અર્થમાં સત્તા સંભાળશે? આ તમામ સવાલોના જવાબ આપણને આગામી સમયમાં મળશે. ●